# આદર્શ આચાર સંહિતા

# (M.C.C.)

## લોકસભા સામાન્ય ચૂંટણી : ૨૦૧૪

Drda-1

# મોડેલ કોડ ઓફ કન્ડકટ (ની માર્ગદર્શક સૂચનાઓનો) સંક્ષેપ

## વોલ્યુમ–૩

એ૧ : આદર્શ આચાર સંહિતા અને બદલીઓ ઉપર પ્રતિબંધ

એ૨ : વિવેકાધીન ફંડ અને એમ.એલ.એ. ગ્રાન્ટ /એમ.પી. લોકલ એરીયા ડેવલપમેન્ટ ગ્રાન્ટ વપરાશ

એ૩ : મીનીસ્ટરોના પ્રવાસ

એ૪ : હવાઈ જહાજનો / સરકારી વાહનનો ઉપયોગ.

બી : કાયદો અને વ્યવસ્થાની જાળવણી અને સુરક્ષા દળ /હોમ ગાર્ડના બંદોબસ્તની બાબત.

## અનુક્રમણિકા


| ક્રમ | માર્ગદર્શક સૂચનાઓ | રીમાર્કસ |
|---|---|---|
| **A1** | **આદર્શ આચાર સંહિતા અને બદલીઓ ઉપર પ્રતિબંધ** | |
| સૂચના નં.–૧ | માર્ગદર્શક સૂચનાઓ અંતર્ગત કરવાપાત્ર અને ન કરવાપાત્ર કામગીરી (સામાન્ય આચરણ) | |
| સૂચના નં.–૨ | સામાન્ય ચૂંટણી અને પેટા ચૂંટણી મુકત અને ન્યાયી યોજવા ખાસ મફત પાસ મુસાફરી દુરુપયોગ અંગે. | |
| સૂચના નં.–૩ | મુખ્ય નિવિદાઓ અને જાહેર હરાજી અંગે. | |
| સૂચના નં.–૪ | સરકારી ગેસ્ટ હાઉસ અને રાજય સદન રાજકીય પક્ષો હોલ્ડિંગ સબંધિત ચૂંટણી સભા હેતુઓ માટે ઉપયોગ પર પ્રતિબંધો | |
| સૂચના નં.–૫ | પ્રજાસત્તાક દિનની ઉજવણી – રાજકીય પ્રતિનિધિઓની શાસનની પ્રસંસા ઉપર અંકુશ | |
| સૂચના નં.–૬ | સ્વતંત્રતા દિવસની ઉજવણી – રાજકીય પ્રતિનિધિઓની શાસનની પ્રસંસા ઉપર અંકુશ | |
| સૂચના નં.–૭ | સદભાવના દિવસની ઉજવણી માં રાજકીય પક્ષોની ભાગીદારી | |
| સૂચના નં.–૮ | આદર્શ આચાર સંહિતા અંતર્ગત આરામ ગૃહો, ડાક બંગલો અને અન્ય સરકારી બિલ્ડીગોમાં ઉતારો કરવાના અંકુશ બાબત. | |
| સૂચના નં.–૯ | અધિકારીઓના પ્રવાસ પ્રતિબંધ રાજકીય સ્પર્ધા માં સંલગ્ન સરકારી અધિકારીઓના પ્રવાસ પર અંકુશ | |

| ક્રમ | માર્ગદર્શક સૂચનાઓ | રીમાર્કસ |
|---|---|---|
| સૂચના નં.–૧૦ | ઈફતિયાર જેવી પાર્ટીઓનો મુખ્યમંત્રીશ્રીના નિવાસ સ્થાને ૧૦૦૦૦ થી વધુ આમંત્રિતો બાબત. | |
| સૂચના નં.–૧૧ | ચૂંટણી માટે નવી એસેમ્બલી પસંદ કરવા માટેની તૈયારીઓ | |
| સૂચના નં.–૧૨ | મોડેલ કોડના આચાર સમયે રાજય સરકારશ્રીની નાણાંકિય સંસ્થાઓ રીકવરી માટે દબાણ કરવા અંગે | |
| સૂચના નં.–૧૩ | કબજા, અનઅધિકૃત માળખું, દબાણ હટાવ પર પ્રતિબંધ | |
| સૂચના નં.–૧૪ | જાહેર સરકારી માલિકી અસ્કયામત ઉપર જાહેરાત અને હોર્ડીંગ્સ બાબત. | |
| સૂચના નં.–૧૫ | પી.એમ.જી.એસ.વાય. યોજનાની કામગીરી બાબત. | |
| સૂચના નં.–૧૬ | દુષ્કાળ, અનાવૃષ્ટિના કામો બાબત. | |
| સૂચના નં.–૧૭ | સ્પીકર અને ડેપ્યુ.સ્પીકરની સલામતી વ્યવસ્થા બાબત | |
| સૂચના નં.–૧૮ | ગ્રામ વિકાસના કાર્યક્રમોના અમલીકરણ બાબતે | |
| સૂચના નં.–૧૯ | સામાન્ય ચૂંટણીઓમાં વાહનના ઉપયોગ અંગે સ્પષ્ટતા બાબત. | |
| સૂચના નં.–૨૦ | ચૂંટણી અધિકારીઓના નિમણુંક બાબતે મહારાષ્ટ્ર ટ્રબ્યુનલનો ચુકાદો | |
| સૂચના નં.–૨૧ | એમ.પી./ એમ.એલ.એ.ના ફંડની વિકાસના કામોમાં ફાળવણી બાબત. | |
| સૂચના નં.–૨૨ | ગાંધી જયંતિ નિમિત્તે રાજયકીય પક્ષોની ભાગીદારી બાબત. | |
| સૂચના નં.–૨૩ | હજ અંગે સબસીડી બાબત. | |
| સૂચના નં.–૨૪ | વિશ્વ આવાસ દિવસ પર જાહેરાતો | |
| સૂચના નં.–૨૫ | લઘુમતી તેમજ પછાત જાતિઓ માટે કોઈ લાભો કે જાહેરાત કરી શકાશે નહી. | |
| સૂચના નં.–૨૬ | પલ્સ–પોલીવો કેમ્પની જાહેરાત બાબત | |
| સૂચના નં.–૨૭ | સરકારી કચેરી ઉપર જાહેરાત કે હોર્ડીગ્સ લગાવી શકશે નહી કે ખર્ચ કરી શકશે નહી. | |
| સૂચના નં.–૨૮ | ડીસે–૨૦૦૪ સમયે નીમકા, ફરીદાબાદ, હરીયાણા ખાતે લતા રાજ જે.ટી. સીધી ના મૃત્યુ સમયે ભાગ લેવા બાબત. | |
| સૂચના નં.–૨૯ | આચાર સંહિતા સમયે વીડીયો કોન્ફરન્સ પ્રતિબંધ | |
| સૂચના નં.–૩૦ | બિહાર, ઝારખંડ, અને હરીયાણા રાજયોની સામાન્ય ચૂંટણીની જાહેરાત – આચાર સંહિતા લાગુ | |
| સૂચના નં.–૩૧ | મહાત્મા ગાંધી રાષ્ટ્રીય રોજગાર બાંહેધરી એકટ (એમ.જી.એન.આર.ઈ.જી.એ.) યોજનાની અમલવારી | |
| સૂચના નં.–૩૨ | સરકારી ગેસ્ટ હાઉસ ફાળવવા બાબત. | |
| સૂચના નં.–૩૩ | સરકારી વેબસાઈટ ઉપર રાજકીય ઉમેદવારના ફોટા, ટીકા–ટીપ્પણ રાખી શકાશે નહી. | |
| સૂચના નં.–૩૪ | સામાન્ય ચૂંટણી સમયે મંત્રીશ્રીઓના પ્રવાસ કાર્યક્રમ બાબત. | |
| સૂચના નં.–૩૫ | મતદાન સમયે ૪૮ કલાક અગાઉ અને ત્યારબાદ રાજકીય હસ્તક્ષેપ સરકારી કામગીરીમાં પ્રતિબંધિત છે. (પ્રચાર પ્રસાર સહિત) | |
| સૂચના નં.–૩૬ | વાહનો માટે ચૂંટણી દરમ્યાન દુરઉપયોગ પ્રતિબંધ છે. | |
| સૂચના નં.–૩૭ | રાજકીય કામકાજ હાજરી મતદાર અભિયાન ગાળા પછી પ્રતિબંધ છે. | |
| સૂચના નં.–૩૮ | લાઉડ સ્પીકરના ઉપયોગ બાબત. | |

| ક્રમ | માર્ગદર્શક સૂચનાઓ | રીમાર્કસ |
|---|---|---|
| સૂચના નં.–૩૯ | સુપ્રિમ કોર્ટના ઓર્ડર ૧૩ મી એપ્રિલ ૨૦૦૪ અન્વયે રાજકીય કાર્યક્રમ ટીવી ચેનલ અને કેબલ નેટવર્ક પર જાહેરાતો લગતા કાર્યક્રમ બાબત. | |
| સૂચના નં.–૪૦ | રાજકીય કાર્યો ધ્વારા મત ગુપ્તતા ઉલ્લંઘન બાબતે | |
| સૂચના નં.–૪૧ | રાજકીય કામકાજ કરવામાં આવેલ છે. ત્યાં સુરક્ષા અભિયાનના ગાળા પછી હાપેલ હાજરી પર પ્રતિબંધ | |
| સૂચના નં.–૪૨ | આસામ, કેરળ, તામિલનાડુ, પશ્ચિમ બંગાળ અને પોંડીચેરી આ વિધાન સભાની સામાન્ય ચૂંટણીઓ વાહનો માટે પરમીશન સબંધી. | |
| સૂચના નં.–૪૩ | સબંધિત પક્ષ કલમ–૭૭ લોક એકટ પ્રતિનિધિત્વ, ૧૯૫૧(૧) વિભાગ હેઠળ આપવામાં સમજૂતી માટે લાભ ધ્વારા રોડ પરમીશન બાબત. | |
| સૂચના નં.–૪૪ | પર્યાવરણ સબંધે પ્લાસ્ટીક શીટની ચૂંટણી ઝુંબેશમાં પોસ્ટર/ બેનર્સના ઉપયોગ પર પ્રતિબંધ | |
| સૂચના નં.–૪૫ | પત્રિકાઓપોસ્ટર/ બેનર્સના મુદ્રણ પર પ્રતિબંધ | |
| સૂચના નં.–૪૬ | નકલી ઉમેદવાર સબંધે લેવામાં આવતા પગલાંની પ્રતિક્રિયા સંદર્ભે. | |
| સૂચના નં.–૪૭ | રાજકીય કામકાજની હાજરી પર અભિયાન સમય બાદ મતદારમાં પ્રતિબંધ સબંધી. | |
| સૂચના નં.–૪૮ | અખબારો અને અન્ય પ્રીન્ટ મીડીયા સબંધિત જાહેરાતો ચૂંટણી પ્રચાર પ્રસાર સબંધિત | |
| સૂચના નં.–૪૯ | પત્રિકાઓ, પોસ્ટરો વગેરેના પ્રીન્ટીગ પર પ્રતિબંધો બાબત. | |
| સૂચના નં.–૫૦ | ગુજરાત વિધાનસભા, ૨૦૦૭ સામાન્ય ચૂંટણી સુરક્ષા/ પ્રધાનો, ઉમેદવારો ને આવરી લેવા સબંધે | |
| સૂચના નં.–૫૧ | રાજકીય કામકાજ હાજરી પર મતદારમાં ગાળા દરમ્યાન પ્રતિબંધ | |
| **A2** | **વિવેકાધીન ફંડ અને એમ.એલ.એ. ગ્રાન્ટ /એમ.પી. લોકલ એરીયા ડેવલપમેન્ટ ગ્રાન્ટ વપરાશ** | |
| સૂચના નં.–૫૨ | સામાન્ય ચૂંટણી અથવા પેટા ચૂંટણી દરમ્યાન વિવેકાધિ ફંડના ચુકવણા બાબત. | |
| સૂચના નં.–૫૩ | સામાન્ય ચૂંટણી સમયે મંત્રીશ્રીના વિવેકાધિન ફંડની ફાળવણી અંગે. | |
| સૂચના નં.–૫૪ | લોકસભા અને આંધ્રપ્રદેશ, કર્ણાટક, ઓરીસ્સા અને સીકકીમ રાજય વિધાનસભા ચૂંટણી સમયે ભંડોળ સાંસદ/ ધારાસભ્યોના સ્થાનિક વિસ્તારોના વિકાસ યોજના હેઠળ જાહેરાત | |
| **A3** | **મંત્રીઓના પ્રવાસ અંગે** | |
| સૂચના નં.–૫૫ | ચૂંટણી સમયગાળા દરમ્યાન મંત્રીશ્રીઓના પ્રવાસ કાર્યક્રમ | |
| સૂચના નં.–૫૬ | સામાન્ય ચૂંટણી – મંત્રીશ્રનિ પ્રવાસ | |
| સૂચના નં.–૫૭ | રેલ્વે યુનિયન મંત્રીશ્રીના પ્રવાસ અંગે | |

| ક્રમ | માર્ગદર્શક સૂચનાઓ | રીમાર્કસ |
|---|---|---|
| **A4** | **હવાઈ જહાજનો / સરકારી વાહનનો ઉપયોગ.** | |
| સૂચના નં.–૫૮ | હવાઈ જહાજ, હેલીકોપ્ટર અને ચાર્ટર એરોપ્લેનના પ્રવાસ | |
| સૂચના નં.–૫૯ | સામાન્ય ચૂંટણી દરમ્યાન પ્રધાનો અને ઉમેદવારોને સુરક્ષા સબંધી. | |
| સૂચના નં.–૬૦ | રાજકીય પક્ષો ધ્વારા હવાઈ જહાજના ઉપયોગ સબંધી. | |
| સૂચના નં.–૬૧ | ચૂંટણી પ્રક્રિયા દરમિયાન એરક્રાફટના ઉપયોગ સબંધે. | |
| સૂચના નં.–૬૨ | ખાનગી માલિકીની રાજકીય પક્ષો ધ્વારા સુનિશ્ચિત થયેલ વેપારી ઉડાન સબંધે | |
| સૂચના નં.–૬૩ | ચૂંટણી દરમ્યાન સરકારી વાહનોના દુરઉપયોગ રોકવા બાબતે | |
| સૂચના નં.–૬૪ | રાજકીય પક્ષના લીડર ધ્વારા મતદાન અને મત ગણતરી પ્રક્રિયા પર મોનીટરીંગ/ નિરીક્ષણ કરવા હેલીકોપ્ટરના ઉપયોગ પર પ્રતિબંધ. | |
| સૂચના નં.–૬૫ | વિવિધ બોર્ડ/ કમિશન વિગેરેના હોદ્દેદારો ધ્વારા સરકારી વાહનોનો ઉપયોગ કરવા બાબત. | |
| **B** | **કાયદો અને વ્યવસ્થાની જાળવણી અને સુરક્ષા દળ /હોમ ગાર્ડના બંદોબસ્તની બાબત.** | |
| સૂચના નં.–૬૬ | અટકાયતી પગલાં ભરી આગામી ચૂંટણીઓ દરમ્યાન શાન્તિપૂર્ણ, મુકત અને ન્યાયી મતદાન કરવા બાબતે | |
| સૂચના નં.–૬૭ | સામાન્ય ચૂંટણી/ પેટા ચૂંટણી દરમ્યાન શસ્ત્રો કબજામાં રાખવા ઉપર નિયંત્રણ. | |
| સૂચના નં.–૬૮ | સેલ્યુલર ફોન ઉપયોગ સબંધિત સૂચના | |
| સૂચના નં.–૬૯ | પોલીંગ સ્ટેશનો/ મતગણતરી કેન્દ્રોમાં ખાસ સુરક્ષા કવચ સાથે વ્યકિતઓના પ્રવેશ બાબતે. | |
| સૂચના નં.–૭૦ | પરવાના વાળા શસ્ત્રો જમા લેવા બાબત. | |
| સૂચના નં.–૭૧ | ચૂંટણીઓ દરમ્યાન શસ્ત્રોની હેરાફેરી પર પ્રતિબંધ | |
| સૂચના નં.–૭૨ | ચૂંટણીઓ દરમ્યાન દારૂ વેચાણ પર પ્રતિબંધ | |
| સૂચના નં.–૭૩ | રાજકીય પક્ષો અને ઉમદવારોની ચૂંટણી ઝુંબેશ બાબત. | |
| સૂચના નં.–૭૪ | અનુ.જાતિ કે અનુ.જનજાતિના વ્યકિતને મત માટે દબાણ કરી શકાય નહી. દબાણ કરવા ઉપર પ્રતિબંધ. | |
| સૂચના નં.–૭૫ | લોકસભા અને રાજય ધારાસભા–૨૦૦૫ પેટા ચૂંટણી –દારૂ પર પ્રતિબંધ | |
| સૂચના નં.–૭૬ | ચૂંટણી વિસ્તારની નાકાબંધી. | |
| સૂચના નં.–૭૭ | ચૂંટણી લક્ષી ગુન્હાઓ પર ભરવાપાત્ર પગલાંઓ | |
| સૂચના નં.–૭૮ | સુરક્ષા પ્લાન અને ફોર્સ બંદોબસ્ત અન્વયે મુકત ન્યાયી ચૂંટણી યોજવા બાબત. | |
| સૂચના નં.–૭૯ | સામાન્ય ચૂંટણી/ પેટા ચૂંટણીના સંદર્ભે શાન્તિપૂર્ણ, મુકત અને ન્યાયી મતદાન યોજવા કાયદો વ્યવસ્થાની જાળવણી/ નિયમન. | |
| સૂચના નં.–૮૦ | ચૂંટણી પ્રચારના સમય પૂર્ણ થયા બાદ રાજકીય માણસોની પ્રચાર સભામાં હાજરી પર પ્રતિબંધ | |

| ક્રમ | માર્ગદર્શક સૂચનાઓ | રીમાર્કસ |
|---|---|---|
| સૂચના નં.–૮૧ | સામાન્ય ચૂંટણી/ પેટા ચૂંટણી લોકસભા/ વિધાન સભા દરમ્યાન અધિકારીશ્રીઓની નિમણુંક બાબત. | |
| સૂચના નં.–૮૨ | સેન્ટ્રલ પોલીસ ફોર્સ (સીપીએફ) અને રાજ્ય પોલીસની મતદા દરમ્યાન ભૂમિકા અને સી.આર.પી.એફ. માટે સુવિધા બાબત. | |
| સૂચના નં.–૮૩ | બાધારૂપ બાબતોની અસરની શકયતાવાળા નબળા વર્ગના મતદારના વસવાટના વિસ્તારોમાં ન્યાયી ચૂંટણીના દર્શન કરાવવા બાબત. | |
| સૂચના નં.–૮૪ | મતદાનના સંદર્ભે Central Paramilitary Force (CPMF) અને રાજય પોલીસની ભૂમિકા | |
| સૂચના નં.–૮૫ | સેલફોન મોબાઈલ ઉપર પ્રતિબંધ | |
| સૂચના નં.–૮૬ | ઉત્તર પ્રદેશ વિધાસભા–૨૦૦૭ સામાન્ય ચૂંટણી અંગે. | |
| સૂચના નં.–૮૭ | ઉત્તર પ્રદેશ વિધાસભા–૨૦૦૭ સામાન્ય ચૂંટણી સબંધિત | |
| સૂચના નં.–૮૮ | ગુજરાત વિધાનસભા–૨૦૦૭ સામાન્ય ચૂંટણીમાં લઘુ સંદેશ સેવા એસ.એમ.એસ.ના દુર ઉપયોગ અંગે પ્રતિબંધ . | |
| સૂચના નં.–૮૯ | ગુજરાત વિધાન સભા માટે સમાન્ય ચૂંટણી ૨૦૦૭ – લઘુ સુદેશ સેવા એસ.એમ.એસ.ના દુરઉપયોગ અને દારૂબંધી. | |
| સૂચના નં.–૯૦ | સબંધિત રાજય વિધાનસભા માટે સામાન્ય ચૂંટણી ૨૦૦૬ – વગેરે દારૂ વેચાણ પર પ્રતિબંધ | |
| સૂચના નં.–૯૧ | મતદાનના દિવસે વાહનોના દૂર ઉપયોગ રોકવા | |
| સૂચના નં.–૯૨ | એટ્રોસીટીના ગુન્હા સબંધે | |
| સૂચના નં.–૯૩ | હોમ ગાર્ડસ અને અન્ય દળોના બંદોબસ્ત બાબત. | |
| સૂચના નં.–૯૪ | આસામ, કેરળ, તમિલનાડુ, પશ્ચિમ બંગાળ અને પોંડીચેરીની વિધાનસભા સામાન્ય ચૂંટણીમાં - Central Paramilitary Force (India) (CPMF) બંદોબસ્ત બાબત. | |
| સૂચના નં.–૯૫ | આસામ, કેરળ, તમિલનાડુ, પશ્ચિમ બંગાળ અને પોંડીચેરીની વિધાનસભા સામાન્ય ચૂંટણીમાં મતદાન મથકના પ્રવેશ પર Central Paramilitary Force (India) (CPMF) બંદોબસ્ત મતદાન મથકમાં ચાલતી કાર્યરીતી પર વોચ રાખવા બાબત. | |

# આદર્શ આચાર સંહિતા અન્વયે મુદ્દાસર ટૂંકી રૂપરેખા :

૧ : આદર્શ આચાર સંહિતાની માર્ગદર્શક સૂચનાઓનો સંક્ષેપની અનુક્રમણિકા

૨ : આદર્શ આચાર સંહિતાનો ઉદ્દેશ.

૩ : આદર્શ આચાર સંહિતા શા માટે ?

૪ : આદર્શ આચાર સંહિતાનો અનેકવિધ ક્ષેત્રમાં ઉપયોગ અને અમલ.

૫ : સામાન્ય આદર્શ આચાર સંહિતા.

૬ : વારંવાર પુછાતા પ્રશ્નો.

૭ : શું કરવું અને શું ન કરવું.

૮ : આદર્શ આચાર સંહિતા અને ફેરબદલી.

૯ : મંત્રીઓ/ પ્રમુખો/ કમિશનના સદસ્યોનો પ્રવાસ માટેની આદર્શ આચાર સંહિતા

૧૦ : એરક્રાફ્ટ અને સરકારી વાહનોનો ઉપયોગ માટેની આદર્શ આચાર સંહિતા.

૧૧ : આદર્શ આચાર સંહિતા સમયે કાયદો અને વ્યવસ્થા સીક્યુરીટી વ્યુહરચના.

૧૨ : આદર્શ આચાર સંહિતા અને કલ્યાણ યોજનાઓ.

૧૩ : જાહેરાતો માટે આદર્શ આચાર સંહિતા.

## ૨ : આદર્શ આચાર સંહિતાનો ઉદ્દેશ અંતર્ગત આનુષંગિક પ્રયત્નો.

- ➢ ECI ની ચૂંટણી કાર્યક્રમની ઉદઘોષણા તારીખ થી
- ➢ તંદુરસ્ત અને શાંતિમય વાતાવરણ/ માહોલનું સર્જન કરવું જેથી ચૂંટણી પ્રક્રિયા મુકત અને ન્યાયી બનાવી શકાય.

## ૩ : આદર્શ આચાર સંહિતા સમજવાની જરૂરીયાત.

- ➢ આચાર સંહિતાના ચુસ્ત અને દેખાય તેવા અમલીકરણથી ચૂંટણી વિશ્વનિયતા વધે છે અને તેના હિતધારકો/ મતદારોમાં વિશ્વાસ પેદા કરે છે.
- ➢ તે ચૂંટણીના હેતુ માટે સરકારી મશીનરીનો દૂરઉપયોગ ન થાય તે સુનિશ્ચિત કરે છે.
- ➢ તેનાથી બીજી વ્યકિતના નામે મતદાન કરવું, મતદારોને લાંચ અને લાલચ આપવી, ધાક–ધમકી જેવા ચૂંટણી લક્ષી ગુન્હાઓ, ગેરીરીતિ અને ભ્રષ્ટ આચરણ તમામ રીતે અટકાવે છે.

## ૪ : આદર્શ આચાર સંહિતાનો અનેકવિધ ક્ષેત્રમાં ઉપયોગ અને અમલ.

- ❖ કલ્યાણ કારી યોજનાઓ અને સરકારી કામોનું અમલીકરણ
- ❖ કલ્યાણકારી યોજનાઓ અને સરકારી કામોની જાહેરાત અને પ્રચાર પ્રસાર
- ❖ સરકારી કર્મચારીઓની પસંદગી, નિમણુંક, અને બદલી.
- ❖ સરકારી નિવાસ્થાનો નો ઉપયોગ.
- ❖ મંત્રીશ્રી/ રાજકીય પદાધિકારીઓના પ્રવાસ સબંધી જોગવાઈઓ.
- ❖ સરકારી એરક્રાફટ/ વાહનોનો ઉપયોગ
- ❖ લાઉડ સ્પીકરનો ઉપયોગ
- ❖ પેમ્ફલેટ, પોસ્ટરનું છાપકામ અને બીજા સંચાર માધ્યમોની પ્રવૃત્તિઓ.

## ૫ : સામાન્ય આદર્શ આચાર સંહિતા.

- ➢ જુદી જુદી બે જ્ઞાતિઓ, ભાષાકિય વર્ગો અને ધાર્મિ ક વર્ગો વચ્ચે વૈમનસ્ય કે ધાર્મિક લાગણીઓ દુભાવવાનું કે વૈમનસ્ય ઉભુ થાય તેવી પ્રવૃત્તિ થી દૂર રહેવું. ધાર્મિક લાગણીઓ ઉશ્કેરી મતદારો ઉપર પ્રભાવ પાડવા કે મતો માગવા ધાર્મિક સ્થળોનો ઉપયોગ કરવો નહી.
- ➢ અન્ય રાજકીય પક્ષોની ટીકા ટીપ્પણ કરતી વખતે તે માત્ર તેમની નીતિઓ, કાર્યક્રમો, ભૂતકાળના કાર્યક્રમો પુરતો સીમીત રહેશે.
- ➢ બીજા પક્ષોના આગેવાનો અને કાર્યકરોની જાહેર પ્રવૃત્તિ સાથે સબંધ નહી ધરાવતી તમામ બાબતોની ટીકા ટીપ્પણથી દૂર રહેશે.
- ➢ મતદાન મથકથી ૧૦૦ મીટરના વિસ્તારમાં ચૂંટણી પ્રચાર પર પ્રતિબંધ.
- ➢ મતદાન પૂર્ણ થયાના ૪૮ કલાક પહેલાં પબ્લીક મીટીંગ/ જાહેર સભાઓ ભરવા પર પ્રતિબંધ
- ➢ મતદાનના દિવસે મતદારોને વાહનોમાં લાવવા લઈ જવા ઉપર પ્રતિબંધ.

- મત મેળવવા માટે જ્ઞાતિ અને ધાર્મિક લાગણીઓ ઉશ્કેરી શકાશે નહી. મસ્જિદ, ચર્ચ મંદિર અને બીજા ધાર્મિક સ્થળોનો ઉપયોગ ચૂંટણીના પ્રચાર માટે થઈ શકશે નહી.
- દરેક વ્યકિતના શાન્તિપૂર્ણ અને દખલગીરી વગરના પારીવારીક જીવન ના હકકનું સન્માન કરવાનું રહેશે. કોઈ વ્યકિતના ઘર આગળ તેમના અભિપ્રાયો અને પ્રવૃત્તિનો વિરોધ કરવા માટે ધરણાઓ કે દેખાવો કોઈપણ સંજોગોમાં થઈ શકશે નહી.
- રાજકીય પક્ષો કે ઉમેદવારોએ વ્યકિતગત જમીન, બીલ્ડીગ, કમ્પાઉન્ડ દિવાલ વિગેરે પરવાનગી મેળવ્યા સિવાય ખાનગી માલિકોની પરમીશન સિવાય ચૂંટણી ફલેગ, ચિન્હો, ટીકા ટીપ્પણ, સ્લોગન પ્રદર્શિત કરી શકાશે નહી.
- રાજકીય પક્ષો અને ઉમેદવારો એ સુનિશ્ચિત કરશે કે અન્ય પક્ષો દ્વારા આયોજત મીટીગ કે સરઘસ માં અડચણ ઉભી કરશે નહી કે તેને વિખેરશે નહી. એક રાજકીય પક્ષના કાર્યકરો કે ટેકેદારો અન્ય રાજકીય પક્ષ દ્વારા આયોજીત સભામાં મૌખિક કે લેખિત પ્રશ્નો ઉભા કરી કે તેમના પોતાના પક્ષનું સાહિત્ય વિતરણ કરી ખલેલ કરશે નહી. અન્ય પક્ષો ધ્વારા આયોજીત મીટીગ કે સભાના સ્થળો પાસે રાજકીય પક્ષો સરઘસ કાઢી શકશે નહી. એક પક્ષ દ્વારા લગાવવામાં આવેલ પોસ્ટર બીજા પક્ષના કાર્યકર દ્વારા દૂર કરી શકાશે નહી.

## ૬ : આદર્શ આચાર સંહિતા સંદર્ભે FAQ (frequently asked questions).

**પ્રશ્ન : આદર્શ આચાર સંહિતા શું છે ?**

આદર્શ આચાર સંહિતા રાજકીય પક્ષો અને ઉમેદવારોના માર્ગદર્શન માટે રાજકીય પક્ષોની સર્વ સંમત્તિથી નિયત થયેલ સિધ્ધાંતો છે. રાજકીય પક્ષોએ આદર્શ આચાર સંહિતા ના સિધ્ધાંતોનું પાલન કરવા માટે સંમતિ આપેલ છે અને તેને ખરા અર્થમાં માનવા અને પાળવા બંધાયેલ છે.

**પ્રશ્ન : ચૂંટણી કમિશનની એમ.સી.સી. બાબતમાં શું ભૂમિકા છે ?**

- ચૂંટણી આયોગ બંધારણના અનુચ્છેદ ૩૨૪ હેઠળ સંસદ અને રાજય વિધાની મુકત ન્યાયી અને શાન્તિપૂર્ણ ચૂંટણી કરાવવાની તેની બંધારણીય ફરજ અદા કરવા માટે, કેન્દ્ર અને રાજયોમાં સત્તાધારી પક્ષ સહિતના રાજકીય પક્ષ અને હરીફ ઉમેદવારો દ્વારા તેનું પાલન કરાવવાનું સુંનિશ્ચિત કરે છે.
- એ સુંનિશ્ચિત કરવામાં આવે છે કે સરકારી મશીનરી ચૂંટણીના હેતુ માટે દુરઉપયોગ ન થાય.
- તેનાથી બીજી વ્યકિતના નામે મતદાન કરવું, મતદારોને લાંચ અને લાલચ આપવી, ધાક–ધમકી જેવા ચૂંટણી લક્ષી ગુન્હાઓ, ગેરીરીતિ અને ભ્રષ્ટ આચરણ તમામ રીતે અટકાવે છે.
- હિંસાના કિસ્સામાં સુયોગ્ય પગલાંઓ લેવામાં આવે છે.

**પ્રશ્ન : આદર્શ આચાર સંહિતા કયારથી લાગુ પાડવામાં અને અમલી કરવામાં આવે છે ?**

ECI ની ચૂંટણી કાર્યક્રમની ઉદઘોષણા તારીખ થી ચૂંટણીની પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી

**પ્રશ્ન : ચૂંટણી સમયે અને ચૂંટણી બાદ આદર્શ આચાર સંહિતાનું અમલીકરણ કેવી રીતે થાય છે ?**

- લોકસભાની સામાન્ય ચૂંટણી દરમ્યાન આચાર સંહિતા સમગ્ર દેશમાં લાગુ પડે છે.
- રાજય વિધાનસભાની ચૂંટણી દરમ્યાન આચાર સંહિતા સમગ્ર રાજયમાં લાગુ પડે છે.
- પેટા ચૂંટણીઓ દરમ્યાન આચાર સંહિતા જે બેઠકની ચૂંટણી હોય તે જે જિલ્લા/ જિલ્લાઓમાં હોય તે સમગ્ર જિલ્લાઓમાં લાગુ પડે છે.

**પ્રશ્ન : આદર્શ આચાર સંહિતાના ધ્યાનમાં લેવાના મુદ્દા કયા કયા છે ?**

**આદર્શ આચાર સંહિતાની પ્રમુખ બાબતો :**

ચૂંટણીની પ્રક્રિયા દરમ્યાન રાજકીય પક્ષો, હરીફ ઉમેદવારો અને સત્તાધારી પક્ષના વર્તન અને વ્યવહાર નકકી કરે છે. દા.ત., સત્તાધારી પક્ષ ચૂંટણીની પ્રક્રિયા દરમ્યાન સામાન્ય વર્તણુંક, સભા સરઘસના આયોજન અને ચૂંટણીના દિવસની પ્રવૃત્તિઓ અને કામગીરી

## ૭ : આદર્શ આચાર સંહિતા સમયે શું કરવું અને શું ન કરવું.

- ચૂંટણીની જાહેરાત થી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી શું કરવુ અને શું નહી કરવું તેની યાદી આયોગે ઘડી કાઢી છે.
- Dos અને Donts ની યાદી માત્ર દાખલારૂપ છે અને સંપૂર્ણ નથી. તે ઉપરોકત વિષય અંગેની નિર્દેશ અને સુચનાઓના બદલામાં કે સુધારા માટે ઉદ્દેશિત નથી.

## આદર્શ આચાર સંહિતા સંદર્ભેની માર્ગદર્શક સૂચનાઓ અંતર્ગત કરવાપાત્ર કામગીરી (સામાન્ય આચરણ)

**કરવાપાત્ર કામગીરી (શું કરી શકાય ? ) :**

- ચૂંટણી જાહેરાત પહેલાં ખરેખર શરૂ થયેલ હોય તેવા કામો ચાલુ રાખી શકાશે.
- અસામાન્ય સંજોગોમાં આફતગ્રસ્ત વિસ્તારના કામો અંતર્ગત પૂર, અનાવૃષ્ટિ, મહામારી અને અન્ય કુદરતી આફતોથી અસર પામેલા વિસ્તારોમાં લોકો માટે રાહત અને પુર્નઃવસવાટના પગલાં યોગ્ય મંજુરીઓ સાથે શરૂ કરી શકાશે અને ચાલુ રાખી શકાશે.
- જીવલેણ અથવા ગંભીર બિમારી વાળી વ્યકિતઓ માટે રોકડ અનુદાન અથવા તબીબી સગવડો યોગ્ય મંજુરીઓ સાથે ચાલુ રાખી શકાશે.
- તમામ રાજકીય પક્ષો/ ચૂંટણી લડતા ઉમેદવારો માટે ચૂંટણી સભાઓ યોજવા માટે મેદાન જેવા જાહેર સ્થળો નિષ્પક્ષ રીતે ઉપલબ્ધ હોવા જોઈએ. એવીજ રીતે તમામ રાજકીય પક્ષો/ ચૂંટણી લડતા ઉમેદવારોને સમાન તક મળે તે સુનિશ્ચિત કરવા માટે હેલીપેડનો ઉપયોગ પણ નિષ્પક્ષ રીતે ઉપલબ્ધ હોવા જોઈએ.
- અન્ય રાજકીય પક્ષો અને ઉમેદવારો અંગેના ટીકા–ટીપ્પણ, તેમની નીતિઓ, કાર્યક્રમો, ભૂતકાળનો રેકર્ડ અને કામગીરી સબંધિત હોવા જોઈએ.
- દરેક વ્યકિનો શાંત અને ખલેલ રહિત ગૃહ જીવનનો અધિકાર સંપૂર્ણપણે સુરક્ષિત રહેવો જોઈએ.

- સ્થાનિક પોલીસ સત્તાધિકારીશ્રીઓને સૂચિત બેઠકના સ્થળ અને સમયની તથા મેળવવામાં આવેલ તમામ જરૂરી મંજુરીઓ અંગેની સંપૂર્ણ માહિતી સમયસર આપવી.
- સૂચિત સભાના સ્થળ ખાતે કોઈ પ્રતિબંધક અથવા નિષેધાત્મક હુકમો અમલમાં હોય તો તેનું ચુસ્તપણે પાલન કરવું. કોઈ કિસ્સામાં અપવાદ કરવો જરૂરી જણાય તો તે માટે અગાઉથી અરજી કરવી અને તે અંગેની મંજુરી સમયસર મેળવી લેવી.
- સૂચિત સભાઓ માટે લાઉડ સ્પીકરો અથવા આવી અન્ય કોઈ સગવડોનો ઉપયોગ કરવા માટે મંજુરી અવશ્ય મેળવવી. ઈ
- સભાઓમાં ખલેલ પહોંચાડતી અથવા અન્ય રીતે અવ્યવસ્થા ઉભી કરતી વ્યકિતઓ સામે પગલાં લેવા માટે પોલીસની સહાય મેળવવી.
- કોઈપણ સરઘસ શરૂ કરવાનો સમય અને સ્થળ, જયાંથી સરઘસ પસાર થવાનું હોય તે રસ્તો તેમજ જે સ્થળે અને સમયે સરઘસ સમાપ્ત થવાનું હોય તે અગાઉથી નકકી કરવું અને પોલીસ સત્તા તંત્ર પાસેથી અગાઉથી મંજુરી મેળવવી.
- સરઘસ જયાંથી પસાર થવાનું હોય તે સ્થળોએ કોઈ પ્રતિબંધિત હુકમ અમલમાં છે કે કેમ ? તે સુનિશ્ચિત કરવું અને જો હોય તો તેનું સંપૂર્ણ પાલન કરવું. તેવીજ રીતે તમામ ટ્રાફિક નિયમો અને અન્ય નિયંત્રણોનું પણ પાલન કરવું.
- સામાન્યત: સરઘસ પસાર થવાનો માર્ગ ટ્રાફિક માટે અવરોધરૂપ ન હોવો જોઈએ.
- શાંતિપૂર્ણ અને વ્યવસ્થિત મતદાન સુનિશ્ચિત કરવા માટે તમામ ચૂંટણી અધિકારીઓને હંમેશાં સહકાર આપવો.
- તમામ કાર્યકરોએ ઓળખ કાર્ડ અવશ્ય સાથે રાખવા.
- મતદારોને આપેલ અનધિકૃત ઓળખ કાપલી કોરા (સફેદ) કાગળ પર હોવી જોઈએ અને તેના પર ઉમેદવારનું ચૂંટણીનું પ્રતિક, નામ અથવા પક્ષનું નામ હોવું જોઈએ નહી.
- ચૂંટણી ઝુંબેશના સમયગાળા દરમ્યાન અને ચૂંટણીના દિવસે વાહનોના ઉપયોગ ઉપરના પ્રતિબંધનું પુરેપુરું પાલન કરવું.
- મતદારો, ઉમેદવારો અને તેમના ચૂંટણી મતદાન એજન્ટ સિવાય, ચૂંટણી પંચનો અથવા જિલ્લા ચૂંટણી અધિકારીનો ખાસ માન્ય અધિકૃતિ પત્ર ધરાવતી વ્યકિતઓજ મતદાન મથકમાં પ્રવેશ કરી શકશે. ઉચ્ચ પદ ધરાવતા પદાધિકારીઓને (દા.ત. મુખ્યમંત્રી, મંત્રી, સંસદસભ્ય અથવા ધારાસભ્ય વિગેરેને) પણ આ શરતમાંથી મુકિત મળતી નથી.
- ચૂંટણીની આચાર સંહિતા સબંધિ કોઈપણ ફરીયાદ અથવા મુશ્કેલી હોય તો ચૂંટણી પંચ / ચૂંટણી અધિકારી/ જિલ્લા ચૂંટણી અધિકારી/ ચૂંટણી પંચે નિયુકત કરેલા નિરીક્ષકના ધ્યાન ઉપર લાવવી.
- ચૂંટણીના જુદા જુદા પાસા સબંધી તમામ બાબતોમાં ચૂંટણી અધિકારી અને જિલ્લા ચૂંટણી અધિકારીએ ચૂંટણી પંચના આદેશો/ હુકમો / સુચનાઓનું પાલન કરવું.
- તમે જે તે મતદાર વિભાગના, મતદાર અથવા ઉમેદવાર અથવા ચૂંટણી એજન્ટ ન હોય તો ચૂંટણી ઝુંબેશનો સમયગાળો પૂર્ણ થયા પછી તે મતદાર વિભાગ છોડી દેવો.

## ન કરવાપાત્ર કામગીરી (શું ન કરી શકાય ? )

- શાસક પક્ષે/ સરકાર ધ્વારા સિધ્ધિઓ સંદર્ભમાં કોઈ એક અથવા તમામ પ્રકાર ી જાહેરાતો સરકારી તિજોરીના અથવા સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના ખર્ચે કરવી પ્રતિબંધિત છે.
- કોઈપણ મતદાન મથક અથવા ગણતરીના સ્થળે કોઈપણ મંત્રી/ સ્થાનિક સ્વરાજયની સંસ્થાનો સભ્ય પોતે તે મતદાર વિસ્તારનો ઉમેદવાર હોય અથવા મતદાન માટે આવેલ મતદાર હોય તે સિવાય પ્રવેશ કરી શકાશે નહી.
- ચૂંટણીની ઝુંબેશ સાથે સરકારી કામકાજ જોડી દેવું નહી.
- મતદારને નાણાંકિય અથવા અન્ય કોઈ પ્રલોભન આપવા નહી.
- મતદારોની ધાર્મિક, સાંપ્રદાયિક જાતિય/ કોમી લાગણીઓ દુભાવવી નહી.
- વર્તમાન મતભેદો ગંભીર રૂપ ધારણ કરે અથવા પરસ્પર દ્વેષભાવ ઉભો થાય અથવા જુદી જુદી જાતિઓ, સમુદાયો અથવા ધાર્મિક અથવા ભાષાકિય જુથો વચ્ચે તણાવ ઉભો થાય તેવી પ્રવૃત્તિ કરવી નહી.
- અન્ય પક્ષોના નેતાઓ અથવા કાર્યકરોની જાહેર પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલ ન હોય તેવા તેમના અંગત જીવનના પાસાંઓની ટીકા–ટીપ્પણી કરવા દેવી નહી.
- અન્ય પક્ષો અથવા તેમના કાર્યકરોની ખોટા બે બુનિયાદ આક્ષેપો અથવા અર્થહીન બાબતોના આધારે ટીકા–ટીપ્પણી કરવા નહી.
- ચૂંટણી સમયે ભાષણો, પોસ્ટરો, સંગીત વિગેરે સહિત મંદિરો, મસ્જીદો, ચર્ચ, ગુરુધ્વારા વિગેરે અથવા કોઈપણ પ્રાર્થના સ્થળનો ચૂંટણી પ્રચાર માટે ઉપયોગ કરવો નહી.
- ભ્રષ્ટાચાર અથવા ચૂંટણી સબંધી ગુન્હાઓ જેવા કે, લાંચ, રુશ્વત, અને વગનો અનુચિત ઉપયોગ,મતદારોને ધમકાવવા, મતદાન મથકના ૧૦૦ (સો) મીટરની અંદર ચૂંટણી પ્રચાર કરવો, મતદાન બંધ કરવા માટે નિયત કરેલ કલાક સહિત પુરા થતા ૪૮ કલાકના સમયગાળા દરમ્યાન જાહેર સભાઓ યોજવી અને મતદાન મથક સુધી જવા આવવા માટે મતદારોના વાહનોની અવર જવર જેવી પ્રવૃત્તિઓ ઉપર પ્રતિબંધ રહેશે.
- મત પ્રદર્શન માટે સભાઓ યોજવી અથવા કોઈ વ્યકિતના અભિપ્રાય અથવા પ્રવૃત્તિઓ સામે વિરોધ દર્શાવીને તેમના ઘરની સામે ધરણાં કરવા જેવી પ્રવૃત્તિઓ કરવી નહી.
- સ્થાનિક કાયદાઓને આધિન ધ્વજ–સ્તંભ ઉભા કરવા, બેનર મુકવા, નોટીસો ચોંટાડવી અને સુત્રો લખવા વિગેરે (જે જિલ્લા ચૂંટણી અધિકારીને દર્શાવવા અને જમા કરાવવાના રહેશે) માટે માલિકની ખાસ પરવાનગી સિવાય કોઈ વ્યકિતની જમીન, મકાન, કમ્પાઉન્ડ, દિવાલ, વાહનો વિગેરેનો કોઈપણ વ્યકિત ઉપયોગ કરી શકશે નહી. આમાં ખાનગી અને જાહેર બંન્ને પ્રકારની મિલકતોનો સમાવેશ થાય છે.
- અન્ય રાજકીય પક્ષો અથવા ઉમેદવારો દ્વારા આયોજીત જાહેર સભાઓ અથવા સરઘસોમાં ખલેલ પહોંચાડવી નહી.
- અન્ય કોઈ પક્ષ જે સ્થળે સભાનું આયોજન કરી રહવો હોય તે સ્થળ પાસે સરઘસો કાઢવા નહી.
- સરઘસો કાઢનારાઓએ પોતાની સાથે જેનો મિસાઈલ અથવા હથીયાર તરીકે દુરઉપયોગ થઈ શકે તેવી કોઈપણ ચીજ વસ્તુઓ લઈ જવી નહી.

- અન્ય પક્ષો અથવા ઉમેદવારોએ બહાર પાડેલા/ લગાડેલા પોસ્ટરો દૂર કરવા નહી અથવા તેને અવાચ્ય બનાવવા નહી.
- સવારના ૮–૦૦ વાગ્યા પહેલાં અથવા રાત્રે ૧૦–૦૦ વાગ્યા પછી સબંધિત અધિકારીની લેખિત પૂર્વ મંજુરી સિવાય ફરતા વાહનો ઉપરના સ્ટેટિક અથવા માઉન્ટેડ લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવો નહી.
- સબંધિત અધિકારીની લેખિત પૂર્વ મંજુરી સિવાય જાહેર સ્થળો અને સભા સરઘસના સ્થળે પણ લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવો નહી. સામાન્ય રીતે આવી સભાઓ / સરઘસો રાત્રે ૧૦–૦૦ વાગ્યા પછી ચાલુ રાખવાની પરવાનગી આપવામાં આવશે નહી. અને વધુમાં તે સ્થાનિક કાયદા સબંધિત વિસ્તારની સલામતી વ્યવસ્થાની સ્થિતિ અને હવામાનની સ્થતિ, તહેવારો, ઋતુ, પરીક્ષાઓનો સમયગાળો,વિગેરે જેવી અન્ય સુસંગત વિચારણાને પણ આધિન રહેશે.
- ચૂંટણી દરમ્યાન દારૂનું વિતરણ પ્રતિબંધિત છે. (લીકર, દારૂબંધી છે.)
- મતદાનના દિવસે સલામતી અંગે ધમકી મળી હોય અને ત્યાંથી સત્તાવાર સુરક્ષા પુરી પાડવામાં આવી હોય તેવી વ્યકિતએ, તેના સુરક્ષા કર્મચારી સહિત મતદાન મથકની હદની આસપાસના વિસ્તારમાં (૧૦૦ મીટરની અંદર) પ્રવેશવું નહી. વધુમાં, મતદાનના દિવસે આવી કોઈ વ્યકિત એ તેના સલામતી કર્મચારી વર્ગ સાથે મતદાન મથકની આસપાસ ફરવું નહી. જેને સત્તાવાર સલામતી પુરી પાડવામાં આવેલ હોય તે વ્યકિત મતદાર હોય તો પણ તે અથવા તેણીએ સુરક્ષા કર્મચારી સાથેની તેની અવર જવર મતદાન કરવા પુરતી મર્યાદિત રાખવી.
- સુરક્ષા અંગે ધમકી મળી હોવાના કારણે જે તે સત્તાવાર સુરક્ષા મળી હોય અથવા પોતાના માટે જેણે ખાનગી સલામતી સુરક્ષા રાખ્યા હોય તેવી વ્યકિતની ચૂંટણી એજન્ટ અથવા મતદાન એજન્ટ અથવા મતગણતરી એજન્ટ તરીકે નિયુકિત કરવી નહી.

## ૮ : ફેર બદલી પર પ્રતિબંધ માટેની આદર્શ આચાર સંહિતા.

❖ **ફેરબદલી પર પ્રતિબંધ**

- ડી.ઈ.ઓ., આર.એ., એ.આર.ઓ. અને અન્ય મહેસૂલી અધિકારીઓ.
- ડી.પી., ડી.આઈ.જી., એસ.પી., એસ.ડી.પી.ઓ. અને અન્ય પોલીસ અધિકારીઓ.
- રાજયની ચૂંટણીના આયોજનમાં જવાબદારી નિભાવતા હોય તેવા જૂનાં અનુભવી અધિકારીઓ.
- નિમણુંક અથવા બઢતી પર પ્રતિબંધ.
- કમિશનની પૂર્વ મંજુરી સિવાય આ સમયગાળા દરમ્યાન ઉપરોકત ફેરફાર (નિમણુંક, બઢતી કે બદલી) થઈ શકશે નહિ.

## ૯ : આદર્શ આચાર સંહિતા સમયે મંત્રીઓ/ પ્રમુખો/ કમિશનના સદસ્યોનો પ્રવાસ.

- આચારસંહિતાના સમયગાળા દરમ્યાન ચૂંટણીલક્ષી ઝુંબેશ તથા ચૂંટણીલક્ષી પ્રવાસ માટે સરકારી વાહનોના વપરાશ પર પ્રતિબંધ છે.
- કોઈપણ વ્યકિતની મુલાકાત દરમ્યાનના સુરક્ષા વ્યવસ્થાલક્ષી ખર્ચ સબંધિત રાજકીય પક્ષો ધ્વારા ઉઠાવવામાં આવશે.

- કોઈપણ મંત્રી કોઈપણ વિસ્તારમાં સત્તાવાર મુલાકાત હાથ ધરી શકશે નહિ.
- કોઈપણ મંત્રી કોઈપણ મતવિસ્તારના ચૂંટણી સબંધિત અધિકારીની સત્તાવાર મુલાકાત કરી શકશે નહિ.
- કાયદો અને વ્યવસ્થાની નિષ્ફળતાના સંબંધમાં તથા કુદરતી આપત્તિની પરિસ્થિતિમાં મુખ્યમંત્રી/મંત્રીએ ચુંટણી સબંધિત અધિકારીની સત્તાવાર મુલાકાત કરી શકશે.
- જિલ્લા અધિકારીએ મુલાકાત દરમ્યાન સામાન્ય શિષ્ટાચાર અને સુરક્ષાની વ્યવસ્થા કરવી જ જોઈએ.(પોલીસ અધિકારીને પણ સબંધિત)
- મંત્રી ધ્વારા આયોજિત સત્તાવાર કામગીરીના પ્રવાસ દરમ્યાન મતવિસ્તારમાં રોકાણ કે કોઈ રાજકીય કામગીરી કરવી જોઈએ નહિ.
- રાજયના અતિથિગૃહો,ભવનો અને સદનોના કોઈપણ ભાગમાં પક્ષની મીટીંગ, પત્રકાર પરિષદ અને કન્સલટેશન જેવી કોઈ રાજકીય પ્રવૃત્તિ યોજી શકાશે નહિ.
- રાજયના કોઈપણ મંત્રી અથવા રાજકીય કાર્યકર્તા તથા માજી સંસદ સભ્યોનું પ્રજાસત્તાક દિનના કાર્યક્રમમાં કોઈપણ સ્થળે સન્માન કરી શકાશે નહિ.
- મંત્રી '' સદભાવના દિવસ '' ની ઉજવણીમાં ભાગ લઈ શકશે પરંતુ તેમના ભાષણો માત્ર સંવાદિતાને પ્રોત્સાહિત કરે તેવા હોવા જોઈએ.
- મંત્રી ધ્વારા કોઈપણ ધાર્મિક પ્રસંગ પર રાજયના ખર્ચે કોઈ મનોરંજન/ઉજવણી પ્રતિબંધિત છે. દા.ત. '' ઈફતાર પાર્ટી '' નું આયોજન કરવું.
- રાજકીય કાર્યકર્તા કે જેમને રાજયની '' **Z** સ્કેલ '' ની સુરક્ષા આપવામાં આપી હોય તેમને સરકારી અતિથિગૃહમાં રોકાણ આપી શકાશે.
- સત્તામાં રહેલ પક્ષ તથા તેના ઉમેદવાર સરકારી આવાસો પર ઈજારો રાખી શકે નહિ, તેનો ઉચિત ઉપયોગ કરી શકશે.
- કોઈપણ પક્ષ સરકારી આવાસોનો ચુંટણી ઝુંબેશ કાર્યાલય તરીકે તથા તેમાં ચૂંટણી પ્રચારના હેતુથી જાહેર સભા યોજી શકશે નહિ.

## ૧૦ : એર ક્રાફટ/સરકારી વાહનોના સત્તાવાર વપરાશ માટેની આદર્શ આચાર સંહિતા.

- ચૂંટણીલક્ષી કામગીરી માટે સરકારી વાહનોનો વપરાશ કરી શકાશે નહિ. '' સત્તાવાર વાહનો'' માં સરકારને આધિન તમામ વાહનોનો સમાવેશ થાય છે.
- વાહનોના ભાવ, નિયમો અને શરતો બધા માટે સમાન હોવા જોઈએ.
- બે કે તેથી વધુ અરજદારોના તારીખ અને સમય સમાન હોય તેવા અમુક સંજોગોમાં વાહનની ફાળવણી લોટના ડ્રો ધ્વારા કરવામાં આવશે.
- કોઈ વ્યકિત,પેઢી કે પક્ષ એક જ સમયે **ત્રણ દિવસથી વધુ** એરક્રાફટ/હેલીકોપ્ટરનો વપરાશ કરી શકાશે નહિ.
- ભારત સરકારના ગૃહ મંત્રાલયના નિર્દેશ અનુસાર **Z+** સુરક્ષા ધરાવતી વ્યકિતને રાજય અધિકૃત એક બુલેટ પ્રુફ વાહન આપવામાં આવશે.
- ચૂંટણીલક્ષી મુલાકાત દરમ્યાન કોઈપણ મંત્રી તેમની હાજરી સુસ્પષ્ટ કરે તેવી પાયલોટ કાર અથવા કોઈપણ રંગની બીકન લાઈટવાળી કાર અથવા કોઈપણ પ્રકારની સાયરનવાળી કારનો ઉપયોગ કરી શકાશે નહિ.
- આર.ઓ/એ.આર.ઓ.કાર્યાલયના ૧૦૦ મીટરના વિસ્તારમાં નામાંકન ભરવા માટે ફકત ત્રણ વાહનોને પરવાનગી આપવામાં આવશે.

- ➢ ચૂંટણી લડતા ઉમેદવારોને સહકાર આપતા વ્યકિતઓ ધ્વારા ગેરકાયદેસરની પ્રવૃત્તિઓને અટકાવવા માટે તેમના વાહનો ઉપર સ્થાનિક વહીવટ ધ્વારા નજર રાખવામાં આવશે.
- ➢ રાજકીય પક્ષ ધ્વારા ઉપયોગમાં લેવાતી વિડીયો વાનની ચકાસણી સી.ઈ.ઓ. ધ્વારા કરવામાં આવશે.
- ➢ સાઈકલ, રિક્ષાની ગણતરી વાહન તરીકે કરવી. જો તેનો વપરાશ ચૂંટણી પ્રચારમાં થતો હશે તો તેનો ખર્ચ ઉમેદવારના ખાતામાં ઉધારવામાં આવશે.
- ➢ સુરક્ષા વાહન સિવાયના વાહનો દસ કરતાં વધુ હોઈ શકે નહિ.
- ➢ જિલ્લા વહીવટીતંત્રને ચૂંટણીના ઉમેદવાર ધ્વારા કે ચૂંટણી એજન્ટ ધ્વારા ચૂંટણી પ્રચાર માટે વપરાશમાં લેવામાં આવેલ વાહન વિશે જાણ કરેલ હોઈ તો જિલ્લા વહીવટીતંત્ર ધ્વારા તેનું અધિગ્રહણ થઈ શકશે નહિ.
- ➢ રાજકીય પક્ષના કોઈપણ લીડર ધ્વારા મતદાન અને ગણતરીના દિવસોમાં તેના દેખરેખ કે નિરીક્ષણના હેતુથી ખાનગી ફિકસ વીગ એરક્રાફટ તથા હેલીકોપ્ટરનો ઉપયોગ થઈ શકશે નહિ.

મતદાન દરમ્યાન..................

- ➢ મતદારોને મતદાન દરમ્યાન મફત વાહનની વ્યવસ્થા માટે ભાડે કરેલ, ખરીદેલ વાહનોનો ઉપયોગ ભ્રષ્ટ આચાર છે.
- ➢ ઉમેદવાર/ કાર્યકર્તા/ પક્ષને ચાર પૈડા કરતા વધુ પૈડા ધરાવતા કોઈ પણ વાહનના વપરાશને પરવાનગી આપવામાં આવશે નહિ.
- ➢ ડ્રાઈવરની સાથે ૫ કરતા વધુ વ્યકિતઓને પરવાનગી આપવામાં આવશે નહિ.
- ➢ પેન્ડીગ, સમન્સ/ વોરંટસ ઝુબેશના ભાગરૂપ ૧૦૦% બજવવા. બજવ્યા વગરના વોરંટસ/ સમન્સ અંગેની વિગતો નિયમિત ડી.ઈ.ઓ.શ્રીને મોકલવી.
- ➢ ઝુંબેશના ભાગરૂપ પેન્ડીગ પોલીસ તપાસ કે પોલીસ ફરીયાદનો નિકાલ.
- ➢ ૧૦૦% હથિયાર પરવાના અને ઈમ્યુનીશન શોપ અને લીકર શોપ ૧૦૦% ચકાસણી.

**૧૧ : આદર્શ આચાર સંહિતા સાથે કાયદો અને વ્યવસ્થા સીકયુરીટી વ્યુહરચના.**

- ➢ નવા લાઈસન્સ ઈસ્યુ કરવા પર પ્રતિબંધ.
- ➢ અટકાયતી પગલાંઓ હાથ ધરી અસામાજીક/ ગુંડા તત્વો જબ્બે કરવા.
- ➢ રાજય તેમજ રાજયની સરહદો ઉપર ટ્રક તેમજ કોમર્શીયલ વાહનની અવર જવર પર ચુસ્ત અને સઘન ચેકીગ.
- ➢ તમામ હથિયાર પરવાનેદારની સમીક્ષા અને મુલ્યાંકન તેમજ હથિયાર જમા લેવા. (નેશનલ રાયફલ એસોસીયેશનના રમતવીરના હથિયાર સિવાય)
- ➢ "DRY DAYS" જાહેર કરવો. (મતદાન પૂર્ણ થવાના ૪૮ કલાક પહેલાં અને કાઉન્ટીગ દિવસે)
- ➢ ખાસ કિસ્સામાં અધિકૃત કરેલ પરવાના સિવાય હોટલ, સ્ટાર હોટલ, રેસ્ટોરંન્ટ, કલબસ, નોનપ્રોપરાઈટી કલબસ અને અન્ય એકમો ધ્વારા વેચાણ ઉપર પ્રતિબંધ.
- ➢ કટઆઉટ આર્ચીસ ઉભા કરવા ઉપર બાન.
- ➢ સ્થાનિક કાયદાને આધિન જાહેર મિલ્કતો પર સૂત્રો, ભીતસૂત્રો, પોસ્ટર્સ, લગાવવા ઉપર પ્રતિબંધ, ખાનગી માલિકીની મિલ્કતો પર (ધોરણસરની મંજુરી સિવાય )

- રાજય / જિલ્લા ડીપ્લોમેન્ટ પ્લાન મતદાનના એક અઠવાડિયા પહેલાં આખરી કરવો.
- જિલ્લા મેજીસ્ટ્રેટ/ ડી.ઈ.ઓ.એ નિયમિત જેલની મુલાકાત લેવી/ ચાંપતી નજર રાખવી.
- ડી.જી. ઓફ પોલીસે પ્રેસ કોન્ફરન્સ ન લેવા સલાહ ભર્યુ છે.
- મતદાનના ૪૮ કલાક પહેલાં રાજકીય ઈરાદાથી સેલ્યુલર ફોન ઉપયોગ / લઘુ સંદેશ (એસએમએસ) પર પ્રતિબંધ

મતદાન દરમ્યાન......

- મતદાનની ગુપ્તતા બાબત : લોક પ્રતિનિધિત્વ અધિનિયમ ની કલમ–૧૨૮ ની જોગવાઈ
- મતદાન મથકમાં પ્રચાર મનાઈ : લોક પ્રતિનિધિત્વ અધિનિયમ ની કલમ–૧૩૦ ની જોગવાઈ
- મતદાન મથકે નજીકમાં ધાંધલ ધમાલ : લોકધારાની કલમ –૧૩૧
- ધમાલખોર વ્યકિતને દૂર કરવા બાબત. : લોક પ્રતિનિધિત્વ અધિનિયમ ની કલમ–૧૩૨ ની જોગવાઈ
- મતદારોનું લાવવા લઈ જવા માટે વાહનો ગેરકાયદે ભાડે રાખવા બાબત : લોક પ્રતિનિધિત્વ અધિનિયમ ની કલમ–૧૩૩ ની જોગવાઈ
- મતદાન મથકમાં ફરજ પરના અધિકારી/ કર્મચારીએ સત્તા ફરજનો ભંગ કરવા બાબત. : લોક પ્રતિનિધિત્વ અધિનિયમ ની કલમ–૧૩૪ ની જોગવાઈ
- મતદાન મથકે નજીકમાં શસ્ત્રો લઈ આવવા બાબત. : લોક પ્રતિનિધિત્વ અધિનિયમ ની કલમ–૧૩૪ (ખ) ની જોગવાઈ
- ઈવીએમ મશીન દૂર કરવું એ ગુન્હો છે. : લોક પ્રતિનિધિત્વ અધિનિયમ ની કલમ–૧૩૫ અને કલમ–૬૧(ક)ની જોગવાઈ

## ૧૨ : આદર્શ આચાર સંહિતા અને કલ્યાણ યોજનાઓ

- નવિન કાર્યક્રમ, કાર્યક્રમો, નાણાંકિય વચનો/ રાહતો/ છુટછાટની ઉદઘોષણા પર પ્રતિબંધ
- સરકારી યોજનાના અંતર્ગત ચાલુ કામોને આદર્શ આચાર સંહિતા લાગુ પાડી શકાશે નહી.
- લક્ષિત લાભાર્થીઓને યોજનાકીય લાભો આપી શકાશે.
- મનરેગા યોજનાના કામોને અસર થશે નહી.
- પેનલ્ટી કલોઝ અને સમય મર્યાદા વાળા કામો જેની ટીએસ/એએસ આદર્શ આચાર સંહિતા ના અમલ પહેલાં મેળવી લીધેલ હોય તેવા નવા કામો મંજુરીથી શરૂ કરી શકાશે.
- સીએમ/ પીએમ ફંડમાંથી આરોગ્ય જાળવણીના હેતુ સારુ હોસ્પિટલ અને દર્દીઓના ખર્ચ મંજુરીને પાત્ર છે.
- આકસ્મિક રાહત કાર્યો કમિશનની મંજુરીથી કરી શકાશે.ઈસરકારી યોજનાની નવી મંજુરીઓ આપવા પર પ્રતિબંધ.
- વિકાસની યોજનાઓની સમીક્ષા અને રીવ્યુ મંત્રીશ્રીઓ ધ્વારા હાથ ધરી શકાશે નહી.
- વિકાસના કામો માટે નવા કોન્ટ્રાકટ થઈ શકશે નહી.

## ૧૩ : જાહેરાતો માટે આદર્શ આચાર સંહિતા

- CEO ધ્વારા રચાયેલી કમિટી મારફત સમીક્ષા, ચકાસણી અને પ્રમાણિત કર્યા બાદજ કોઈપણ રાજકીય પાર્ટી ટીવી ચેનલ કે કેબલ નેટવર્ક પર જાહેરાત આપી શકશે.
- CEO ધ્વારા રચાયેલી કમિટી મારફત દૂર દર્શન પ્રસારણ ની ફરીયાદો સ્વીકારશે.
- જાહેર મિલ્કતો પર હોર્ડીગ્સ, જાહેરાતો પ્રદર્શિત કરી શકાશે નહી.
- ચૂંટણી સબંધિત જાહેરાતો અખબારો અને અન્ય પ્રીન્ટ મીડીયા ઉપર અંકુશ.
- તમામ રાજકીય પક્ષોએ ચૂંટણી પ્રચારમાટેના પોસ્ટર, બેનર્સ વિગેરેમાં પ્લાસ્ટીકનો ઉપયોગ ટાળવા પ્રયત્ન કરવાનો રહેશે.

પ્રશ્નોત્તરી :

- કયા કયા અધિકારીશ્રીઓને ECIની સુચનાનુસાર અસર થાય છે ?
- Ban on Transfer અન્વયે નિમણુંક કે બઢતી કરી શકાય ? જો હા, તો કયારે કરી શકાય ?
- મહાનુભાવો પ્રવાસ દરમ્યાન સરકારી વાહનો કે સરકારી સદન નો ઉપયોગ કરી શકે ?
- મહાનુભાવો પોતાના ખાનગી વાહનોમાં પ્રવાસ દરમ્યાન સલામતી વ્યવસ્થાનો ખર્ચ સરકારી તિજોરીમાંથી કરી શકાય ?
- મહાનુભાવો પોતાના ઓફિસીયલ વીઝીટ દરમ્યાન ચૂંટણી અધિકારીઓને સમન્સ પાઠવી વિકાસના કામોની ચર્ચા સમીક્ષા કરી શકે ? જો હા, તો કેવા સંજોગોમાં ? તેમજ પ્રોટોકોલ કે સલામતી વ્યવસ્થા પુરી પાડવાની થાય ?
- મહાનુભાવો રાષ્ટ્રીય દિનની ઉજવણી દરમ્યાન ધ્વજારોહણ કરી શકે ?
- મહાનુભાવો સદભાવના દિવસની ઉજવણીમાં ભાગ લઈ શકે ? જો હા, તો કઈ આચાર સંહિતા જાળવવી પડે ?
- મહાનુભાવ ઈફતાર પાર્ટીનું આયોજન કરી શકે ?
- સલામતીની દૃષ્ટિએ કઈ કેટેગરીના મહાનુભાવને સરકારી ગેસ્ટહાઉસ તેમજ સીકયુરીટી ફાળવી શકાય ?
- ચૂંટણીના પ્રચાર કામે સરકારી વાહનોનો ઉપયોગ થઈ શકે ?
- જુદા જુદા રાજકીય પક્ષોને ચૂંટણીના પ્રચાર કામે એરક્રાફટ ભાડાના જુદા જુદા દર અને ધોરણે ફાળવી શકાય ?
- અપવાદરૂપ કિસ્સામાં એક કરતાં વધારે રાજકીય પક્ષો (રાષ્ટ્રીય પક્ષ અને અપક્ષ)ની એરક્રાફટ મેળવવાની માગણી એકજ તારીખે અને સમયે આવે ત્યારે કોને ફાળવી શકાય ? કેટલા દિવસ માટે ?
- Z+ સલામતી કવચ અને સરકારી માલિકીની બુલેટપ્રુફ વ્હીકલ કયારે ફાળવી શકાય ?
- ઉમેદવાર નોમીનેશન ફાઈલીગ સમયે ચફળ બચફ કચેરીના ૧૦૦ મીટરના રેડીયેશમાં કેટલા વાહનો લઈ જઈ શકે ?
- રાજકીય પક્ષો દ્વારા વીડીયો વાન ઉપયોગ બાબતે કઈ ઓથોરીટીએ ચકાસણી કરવાની થાય ?
- કોઈ ઉમેદવાર ચૂંટણી પ્રચારના કામે સાઈકલ રીક્ષા ઉપયોગ કરે તો તેને વાહનની વ્યાખ્યામાં ગણી શકાય ? જો હા, તો તેના ખર્ચને ઉમેદવારના ચૂંટણી ખર્ચ ગણી શકાય ?

- રાજકીય પક્ષના મહાનુભાવો ચૂંટણી ગાળા દરમ્યાન કયારે ખાનગી એરક્રાફ્ટ કે હેલીકોપ્ટરનો ઉપયોગ દેખરેખ અને નિરીક્ષણ હેતુ માટે કરી શકતા નથી ?
- ચૂંટણી ગાળા દરમ્યાન ઉમેદવાર કે રાજકીય પક્ષો વાહનોનો ઉપયોગ ભાડાથી કે ખરીદીને મતદારોને રીઝવવા પ્રવૃત્તિ કરી શકે ખરા ?
- રાજકીય પક્ષના ઉમેદવાર કે કાર્યકરો ૪ પૈડાથી વધુ પૈડા ધરાવતું વાહન ચૂંટણી પ્રચારના કામે ઉપયોગ કરી શકે ?
- ચૂંટણી પ્રચારમાં ઉમેદવાર પોતાના અધિકૃત વાહનમાં કેટલી વ્યકિતઓ સાથે ફરી શકે છે ?
- કોઈપણ પક્ષના ઉમેદવાર રેલી કે સરઘસ દરમ્યાન એક સાથે વધુમાં વધુ કેટલા વાહનોનો કાફલો રાખી શકે ?
- કોઈપણ પક્ષના ઉમેદવારને ચૂંટણી પ્રચારના કામે કેટલા વાહનો રાખવાની છૂટ છે ?
- ચૂંટણીના કામ અર્થે ડી.ઈ.ઓ. કે ચૂંટણી અધિકારી ઉમેદવાર કે ચૂંટણી એજન્ટનું અધિકૃત વાહન સંપાદિત કરી શકે ?
- ચૂંટણી સમય ગાળા દરમ્યાન કાયદો વ્યવસ્થા સંદર્ભે કયા કયા પરવાનાઓની ૧૦૦% ચકાસણી કરવાની થાય ?
- બજવ્યા વગરના વોરંટસ/સમન્સનો નિયમિત અહેવાલ કોને રજુ કરવો પડે ?
- ચૂંટણી સમય ગાળા દરમ્યાન કાયદો વ્યવસ્થા સંદર્ભે સુલેહ ભંગ કરનાર ઈસમો કે અસામાજીક/ ગુન્ડા તત્વોને જબ્બે કરવા કઈ કઈ જોગવાઈ અન્વયે કયા કયા અટકાયતી પગલાં હાથ ધરવાના થાય ?
- કઈ વ્યકિત સિવાય સ્વરક્ષણના હથિયાર પરવાના જમા કરવા પડે ?
- ચૂંટણી સમય ગાળા દરમ્યાન કયા કયા પ્રસંગોમાં મદ્ય મદ્ય( જાહેર કરવાનો હોય છે. ?
- રાજકીય પક્ષ કે ઉમેદવારો ચૂંટણી પ્રચારના કામે જાહેર મિકલતો પર ભીતસૂત્રો કે પોસ્ટર લગાવી શકે ?
- રાજકીય પક્ષ કે ઉમેદવારો ચૂંટણી પ્રચારના કામે ખાનગી મિકલતો પર ભીતસૂત્રો કે પોસ્ટર લગાવી શકે ?
- રાજય કે જિલ્લા ડીપ્લોયમેન્ટ પ્લાન ચૂંટણી સમય ગાળા દરમ્યાન મોડામાં મોડો કયારે આખરી કરવાનો થાય ?
- ચૂંટણી સમય ગાળા દરમ્યાન ડીજી પ્રેસ કોન્ફરન્સ લઈ શકે ?
- ચૂંટણી પ્રચારના કામે સેલ્યુલર ફોનનો ઉપયોગ લઘુ સંદેશ (એસએમએસ) માટી કરી શકાય ?
- મતદાન મથકથી ૧૦૦ મીટરના વિસ્તારમાં ધમાલખોર વ્યકિતને દૂર કરવા કઈ કાયદાકીય જોગવાઈ કરેલ છે ?
- મતદાનની ગુપ્તતા જાળવવાની બાબત કયા કાયદાની જોગવાઈ હેઠળ કરવામાં આવેલ છે. ?
- મતદાર મતદાન મથકમાં ચૂંટણી પ્રચાર મનાઈનો ભંગ કરે તો તેની સામે કઈ જોગવાઈને આધિન પગલાં લઈ શકાય ?
- ઈવીએમ મશીન દૂર કરવું એ ગુન્હો છે ? તેના ભંગ બદલ કયા કાયદાની કઈ કઈ કલમ હેઠળ ધોરણસર કામગીરી થઈ શકે ?
- મતદાર મતદાન મથકના ફરજ પરના અધિકારી/ કર્મચારી સત્તા/ ફરજનો ભંગ કરે તો તેની સામે કઈ જોગવાઈથી પગલા ભરવાના થાય ?

- કલ્યાણકારી યોજના સંદભ ચૂંટણી [illegible]
- ચૂંટણી ગાળા દરમ્યાન વેલ્ફેર સ્કીમ સંદર્ભે લક્ષિત લાભાર્થીને યોજનાકીય લાભો આપી શકાય.
- મનરેગા યોજનાના કામો ચાલુ રાખી શકાય ?
- કઈ કેટેગરીના નવા કામો મંજુરીથી શરૂ કરી શકાય ?
- કોઈપણ રાજકીય પક્ષ ટીવી, ચેનલ કે કેબલ નેટવર્ક પર જાહેરાત કયારે આપી શકે ?
- તમામ રાજકીય પક્ષોએ ચૂંટણી પ્રચાર માટેના પોસ્ટર, બેનર્સ વિગેરેમાં શેનો ઉપયોગ ટાળવો જોઈએ ?
- જાહેર મિલ્કતો ઉપર હોર્ડીંગ્સ કે જાહેરાતો પ્રદર્શિત થઈ શકે ?

**સરળ, તટસ્થ, મુકત, સમયસર અને ન્યાયી ચૂંટણી મજબુત લોકશાહીની નિશાની છે.**

## Assembly Constituency wise PS & Electors Detail : Final Roll - 2014

| Sr. No. | Name of Parliament | Name of Assembly No. | Name of Assembly Name | Total PS | No. of Electors Male | No. of Electors Female | No. of Electors Others | No. of Electors Total |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | Mahesana | 1 | 20-KHERALU | 223 | 97346 | 88364 | 0 | 185710 |
| | | 2 | 21-UNJHA | 215 | 104718 | 96523 | 3 | 201244 |
| | | 3 | 22-VISNAGAR | 216 | 101716 | 93271 | 0 | 194987 |
| | | 4 | 23-BECHRAJI | 246 | 110603 | 102424 | 9 | 213036 |
| | | 5 | 24-KADI | 268 | 123968 | 113237 | 6 | 237211 |
| | | 6 | 25-MAHESANA | 230 | 120781 | 110458 | 0 | 231239 |
| | | 7 | 26-VIJAPUR | 217 | 101775 | 95742 | 6 | 197523 |
| | | | **Total** | **1615** | **760907** | **700019** | **24** | **1460950** |